RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 16, Issue : 18, Dt.29-4-2025 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# રાજકોટ સહિત સમગ્ર રાજય અગન ભઠ્ઠી બન્યું

## રાજયના ૧૧ શહેરમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચતા લોકો ત્રાહિમામઃ રાજકોટમાં આભમાંથી લૂ વરસતી હોય એમ સીઝનનું હાઈએસ્ટ તાપમાન ૪૬.૨ ડિગ્રી નોંધાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગઈકાલે રાજકોટ આગનગોળામાં ફેરવાયું હોય છેલ્લા બે દિવસથી તો રાજકોટમાં ગરમી ભૂક્કા બોલાવી રહી છે ગઈકાલે આભમાંથી લૂ વરસતી હોય એમ સીઝનનું હાઈએસ્ટ ૪૬.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. એપ્રિલ માસની ગરમીના તમામ રેકોર્ડ તૂટયાનુ ચિત્ર છે. રાજયના ૧૧ શહેરમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચતા લોકો અકળાય ઉઠયા હતા.

ગુજરાતમાં તીવ્ર ગરમીનો પ્રકોપ યથાવત છે, ત્યારે સિઝનમાં પહેલીવાર રાજકોટમાં તાપમાન ૪૬.૨ ડિગ્રીને પાર થયું છે, જ્યારે કંડલા એરપોર્ટ પર તાપમાન ૪૫.૬ ડિગ્રી નોંધાયું હતું. રાજકોટમાં ગત બપોરે ૨:૩૦ વાગ્યે રેકોડબ્રેક ૪૫.૪ ડિગ્રી તાપમાન નોંધાતા બજારોમાં સોપો પડી ગયો છે અને આકાશમાંથી અગનવર્ષા થતી હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

જ્યારે સાંજે ચાર વાગ્યા સુધીમાં તાપમાનનો પારો ૪૬.૨ ડિગ્રીએ પહોંચ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૯ જિલ્લામાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું છે. માનવી-પશુ-પંખી સહિત જીવમાત્રના સ્વાસ્થ્યને અસર કરતા આકરા સૂર્યતાપને પગલે શહેરમાં બપોરે કર્ફ્યૂ જેવો માહોલ રહેવા સાથે માર્ગો સુમસામ રહ્યા હતા. બજારોમાં ચકલુ પણ ફરકતું ન હોવાની સ્થિતિ હતી. હવામાન વિભાગની આગાહી મુજબ, સૌરાષ્ટ્રના દરિયાકાંઠા અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે



ગરમ પવન ફૂંકાય તેવી શક્યતા છે. બે દિવસ સુધી તાપમાનમાં એકથી બે ડિગ્રીનો વધારો થશે અને વધુ ગરમી સહન કરવી પડશે.

ઉત્તર-પૂર્વીય પવનોની સાથે ગરમી પણ વધશે. ભારતીય હવામાન વિભાગએ આગામી ૭ દિવસ માટે ગરમીના મોજા માટે યલો અને ઓરેન્જ રંગના એલર્ટ જાહેર કર્યુ છે. ૨ મે સુધી ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. ત્યારબાદ ૩ મેના રોજ ફરીથી યલો એલર્ટ આપવામાં આવશે. ૨૬થી ૨૯ એપ્રિલ દરમિયાન પૂર્વ ભારત અને પૂર્વી ઉત્તર પ્રદેશના નજીકના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. મે મહિનામાં ધૂળની ડમરીઓ ઉડતી પણ જોવા મળશે.

## કાજી અદાલત- દારૂલ કજા- શરીયા અદાલતના ચુકાદાની કોઈ કાનૂની યોગ્યતા નહીં : સુપ્રીમ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**


દેશમાં મુસ્લીમ સમુદાયમાં કૌટુંબિક-વ્યક્તિગત વિવાદમાં અવારનવાર- કાજી અદાલત દારૂલ કજા, શરીયા અદાલતોના અપાતા ચૂકાદાની કોઈ કાનૂની યોગ્યતા નહી હોવાનુ સર્વોચ્ચ અદાલતે જણાવતા ઉમેર્યુ કે આ પ્રકારની જાતે જાહેર કરેલી અદાલતો- પંચો કે તેવા પ્લેટફોર્મના ચુકાદા પણ સ્વીકાર્ય નથી અને ફતવા પણ માન્ય રહેશે નહી.

સુપ્રીમકોર્ટના ન્યાયમૂર્તિ સુધાંશુ ધુલીયા અને અહસાનુદીન અમાનુલ્લાહની ખંડપીઠે વિશ્વ લાંચન પ્રદાન વિ. ભારત સંઘના ૨૦૧૪ના ચૂકાદાને આ માટે મોડેલ ગણાવ્યો હતો જેમાં જણાવ્યું હતું કે શરીયત અદાલતો અને ફતવાઓનું કોઈ કાનુની મુલ્ય નથી અને એ લાગુ કરી શકાય નહી. આ કેસ એક મહિલાની અરજી પરથી સુપ્રીમકોર્ટમાં આવ્યો હતો જેમાં એક ફેમીલી કોર્ટના ચુકાદાને અલ્લાહબાદ હાઈકોર્ટમાં પડકારાયો તો હાઈકોર્ટે પણ ફેમીલી કોર્ટના ચુકાદાને માન્ય રાખવા માટે નકાજી કોર્ટથમાં જે સમજુતી થઈ હતી તેને આધાર ગણાયો હતો. ન્યાયમૂર્તિ અમાનુલ્લાહ ખાને ટીપ્પણી કરી કે કાજી અદાલત કે કાજી કજા, શરીયા અદાલતના નામે ઓળખાતી સંસ્થાઓના નામ સિવાય કશું વધારે નથી. તેનો કોઈ કાનુની દરજજો પણ નથી અને તેથી આપેલા આદેશો કોઈ રીતે બંધનકર્તા નથી તે બળજબરીથી પણ લાગુ કરી શકાય નહી. આ પ્રકારના મેમોના નિર્ણયો ફકત પ્રાસંગીક હોઈ શકે છે અને બન્ને પક્ષકાર માટે તે સ્વીકારવા જરૂરી નથી પણ બન્ને સ્વીકારે તો પણ તેને કાનુની માન્યતા મળતી નથી. આ પ્રકારના ચુકાદાને અદાલતો આધાર બનાવી શકે નહી અને જો આ ચુકાદા વર્તમાન કાનુનને ઉલ્લંઘન કરનારા પણ હોવા જોઈએ નહી.

## માર્ગ અકસ્માતમાં કેશલેસ સારવાર યોજના સપ્તાહમાં લાગુ થઈ જશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

કેન્દ્ર સરકારને સોમવારે સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતમાં પીડિતોને ત્વરિત એટલે કે ગોલ્ડન ઓવરમાં ઉચિત સારવાર ઉપલબ્ધ કરાવવા માટે એક સપ્તાહ કેશલેસ ઉપચાર યોજના લાગુ કરી દેવામાં આવે.સુપ્રિમ કોર્ટની ફટકાર બાદ કેન્દ્રે અદાલતને જાણકારી આપી હતી.



જસ્ટીસ અભય એસ.ઓક અને ન્યાયમુર્તિ ઉજજલ ભુઈયાની બેન્ચે મામલાની સુનાવણી શરૂ કરતા જ આદેશ બાદ અકસ્માત પિડિતોને ગોલ્ડન ઓવરમાં સારવાર આપવા માટે કેશલેસ યોજના લાગુ કરવામાં વિલંબ પર કેન્દ્ર સરકારને આડે હાથ લીધી હતી.

પીઠે કેન્દ્ર સરકારને કહ્યું કે આપ મોટા-મોટા રાજમાર્ગોનું નિર્માણ કરો છો પણ સુવિધાઓના અભાવમાં લોકો ત્યાં મરી રહ્યા છે. એવા હાઈવેનો શું ઉપયોગ જયારે ત્યાં લોકો મરી રહ્યા છે.બાદમાં સુપ્રિમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયનાં સચિવ ખુદ રજુ થયા અને એ ભરોસો આપ્યો છે, માર્ગ દુર્ઘટનાનાં પીડિતોને ગોલ્ડન ઓવર દરમ્યાન કેશલેસ ઉપચાર આપવાની યોજના એક સપ્તાહમાં લાગુ કરવામાં આવશે. આ પહેલા આ યોજના અત્યાર સુધી લાગુ ન કરવા માટે પીઠે નારાજગી પ્રગટ કરતા કહ્યું હતું કે ૮ જાન્યુઆરી ૨૦૨૫ ના આદેશ છતાં કેન્દ્ર સરકારના તો આદેશનું પાલન કર્યુ કે ના તો સમય વધારવાની માંગને લઈને કોઈ અરજી દાખલ કરી.

## ચંડોળા તળાવના ડિમોલિશન પર સ્ટેની અરજી હાઈકોર્ટે નકારી

### સરકારે કહ્યું-ગેરકાયદે વસાહત રાષ્ટ્રીય સુરક્ષા માટે જોખમી, ડિમોલિશનની ૫૦ ટકા કામગીરી પૂર્ણ

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

અમદાવાદના ઈતિહાસની સૌથી મોટી ડિમોલિશન કાર્યવાહી ચંડોળા ખાતે થઈ રહી છે. ત્યારે હવે આ મુદ્દો હાઈકોર્ટ પહોંચ્યો છે. અરજદારોએ કહ્યું કાનૂની નીતિ-નિયમો વિરુદ્ધ ડિમોલિશન થઈ રહ્યું છે. અહીં રહેતા લોકો બાંગ્લાદેશીઓ હોવાનું પુરવાર થયું નથી. પોલીસ અને વહીવટી તંત્ર મનમાની કરી શકે નહીં. અહીં રહેતા લોકો ગેરકાયદે વિદેશી છે કે નહીં તે ફોરેન ટ્રિબ્યુનલ નક્કી કરે. ઘર તોડતા અગાઉ કોઈ નોટિસ અપાઈ નથી. પુનર્વસનની પણ કોઈ વાત નથી. હાઈકોર્ટમાં તાત્કાલિક સુનાવણી માટે અરજી કરાઈ હતી. આ મામલે આજે સુનાવણી થઈ હતી. હાઈકોર્ટે આ અરજીને નકારી કાઢી ડિમોલિશનને લીલી ઝંડી આપી દીધી છે.

શાહઆલમ પાસેનો ચંડોળા તળાવ વિસ્તાર ગેરકાયદે બાંગ્લાદેશીઓની વસાહત માટે કુખ્યાત છે. આ વિસ્તારમાં આડેધડ ગેરકાયદે બાંધકામો ખડકી દેવાયા છે. હવે આ બાંધકામોને ધ્વસ્ત કરવાની કામગીરી શરૂ કરાઈ છે. ૫૦ જેસીબી મશીન સાથે અખઈની ટીમ પણ હથોડાથી બાંધકામો તોડી રહી છે. મોડીરાતથી જ ચંડોળા તળાવ પાસે બુલડોઝરો અને ટ્રકોને ગોઠવી દેવામાં આવ્યાં હતાં. વહેલી સવારે ૫:૩૦થી ગેરકાયદે બાંગ્લાદેશીઓની વસાહતને તોડી પાડવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સ્થળ પર ગોઠવી દેવાયો હતો.



ગુજરાતમાં સૌથી મોટું મેગા ડિમોલેશન અમદાવાદના ચંડોળા તળાવમાં પોલીસ દ્વારા મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે મળીને કરવામાં આવી રહ્યું છે. કાંકરિયા તળાવ પછી અમદાવાદ શહેરનું સૌથી મોટું તળાવ ચંડોળા છે. પોલીસનું મેગા ડિમોલેશન ચંડોળા તળાવમાં કયા વિસ્તારમાં કરવામાં આવી રહ્યું છે, તેને લઈને દિવ્ય ભાસ્કર આ સમગ્ર જગ્યા અંગે માહિતી આપી રહ્યું છે.

ચંડોળા તળાવ શહેરનું સૌથી મોટું તળાવમાંથી એક હોવાથી આ તળાવ ચાર અલગ-અલગ વિસ્તારમાં વહેંચાયેલું છે, જેમાં ઈસનપુર, દાણીલીમડા, બહેરામપુરા અને મણિનગરનો ભાગ આવે છે. આ ચંડોળા તળાવ બે ભાગમાં વહેંચાયેલું છે, જેમાં છોટા ચંડોળા તળાવ અને બડા ચંડોળા તળાવ આવેલું છે. પોલીસનું મેગા ડિમોલિશન છોટા ચંડોળા તળાવ વિસ્તારમાં કરવામાં આવી રહ્યું છે. મોટું ચંડોળા તળાવ દાણીલીમડા, બહેરામપુરાથી નારોલ તરફ જવાના રોડ ઉપર આવેલું છે. જ્યારે છોટા ચંડોળા તળાવ ઈસનપુર વિસ્તારમાં આવેલું છે.

## એરમાર્શલ નર્મદેશ્વર હવાઈદળના નાયબ વડા બન્યા

### પહેલગામ હુમલાના પગલે સર્જાયેલા ભારત - પાક. તનાવ વચ્ચે સૈન્યના નેતૃત્વમાં મહત્વના ફેરફાર

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આગામી સમયમાં યુદ્ધની શકયતાઓ વધી રહી છે તે સમયે અને ખાસ કરીને પહેલગામ હુમલા બાદ ભારતીય હવાઈદળમાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે અને એરફોર્સના વાઈસ ચીફ ઓફ ઈન્ડીયન એરફોર્સના પદ પર એરમાર્શલ નર્મદેશ્વર તિવારીને નિયુક્ત કરાયા છે. તેઓ ૧ મે થી પોતાનો હોદો સંભાળી લેશે. હાલના હવાઈદળના નાયબ વડા એરમાર્શલ સુરજીત પુષ્પકર ધનકર તા.૩૦ એપ્રિલના રોજ નિવૃત થઈ રહ્યા છે.

આ જ રીતે લેફ. જનરલ પ્રતિક શર્માને નોર્ધન આર્મી કમાન્ડર તરીકે નિયુક્ત કરાયા છે. તેઓ લેફ. જનરલ એમ.વી.સુચીન્દ્રાકુમારના સ્થાને આવશે. ખાસ કરીને જમ્મુ-કાશ્મીર અને ચાઈના બોર્ડર પર લશ્કરી જવાબદારી નોર્ધન આર્મી કમાન્ડર પર છે. આ ઉપરાંત એરમાર્શલ આશુતોષ દીક્ષિતને હવે ઈન્ટીગ્રેટેડ સ્ટાફ કમીટીના વડા તરીકે નિયુક્ત કરાયા છે.

આ કમીટી સૈન્યની ત્રણેય પાંખ એટલે કે હવાઈદળ, નૌકાદળ અને ભૂમીદળ વચ્ચે સંકલન કરે છે. આ પદ પર અત્યાર સુધી લેફ. જનરલ જે.પી.મેથ્યુ હતા. તેઓ તા.૩૦ના રોજ નિવૃત થઈ રહ્યા છે. હવાઈદળમાં નાયબ વડા તરીકે નિયુક્ત થયેલા એરમાર્શલ નર્મદેશ્વર તિવારી હાલ ઈન્ડીયન એરફોર્સમાં એક સીનીયર અધિકારી છે અને તેઓએ દક્ષિણ તેમજ પશ્ચિમ એરકમાન્ડ બંનેનું નેતૃત્વ કર્યુ છે.

નેશનલ ડિફેન્સ એકેડેમી પુનામાં ગ્રેજયુએશન બાદ તેઓએ દિલ્હીમાં નેશનલ ડિફેન્સ કોલેજમાં ગોલ્ડમેડલ મેળવ્યો હતો અને ૧૯૮૬માં તેઓ હવાઈદળ સાથે જોડાયા છે અને લડાયક પાઈલોટનો અનુભવ ધરાવે છે. ૩૬૦૦ કલાક સુધી ફલાઈંગ અનુભવ તેમની પાસે છે. ૩૭ વર્ષની તેમની કેરીયરમાં અનેક પ્રકારના ફાઈટર જેટ ઉડાડવાનો અનુભવ ધરાવે છે.

જયારે નોર્ધન કમાન્ડમાં નિયુક્ત થયેલા લેફ.જનરલ પ્રતિક શર્મા હાલ ભૂમિદળના નાયબ વડા તરીકે ફરજ



બજાવી રહ્યા છે અને તેઓએ ૨૫મી ઈન્ફન્ટ્રી ડીવીઝનમાં મેજર જનરલ તરીકે ફરજ બજાવી છે. ઉપરાંત તેઓ ડિરેક્ટર જનરલ ઓફ મીલીટ્રી ઓપરેશન તરીકે પણ રહી ચૂકયા છે.

એરમાર્શલ આશુતોષ દીક્ષિત સેન્ટ્રલ કમાન્ડના વડા તરીકે ફરજ બજાવે છે અને મીરાજ સહિતના ફાઈટર પ્લેન ઉડાડવાનો અનુભવ પણ ધરાવે છે.

## ચીન સાથેની લડાખ સરહદે પણ દળો વધારતુ ભારત

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારત અને પાકિસ્તાનની સીમા પર તનાવ વચ્ચે ચીન પણ કોઈ અડકલુ ન કરે તે માટે લદાખ સીમા પર ભારતીય દળોની તૈનાતી વધારવામાં આવી છે. ઉપરાંત પેટ્રોલીંગ તેમજ તકેદારી ટુકડીઓની સંખ્યા વધારવામાં આવી છે.

જો કે હાલની સ્થિતિમાં કોઈ આક્રમક પગલુ ભરે તેવી શકયતા નથી. પરંતુ ભારતીય દળો કોઈ ગફલતમાં રહી જવા માંગતા નથી અને પાકિસ્તાન સાથે યુદ્ધની સ્થિતિમાં અચાનક જ ચાઈના મોરચો પણ સંભાળવો પડે તો



તેની તૈયારીઓ પણ અત્યારથી કરવામાં આવી છે

ગત વર્ષે તા.૨૧ ઓકટોબરના રોજ ભારત અને ચીન વચ્ચે થયેલી સમજુતી મુજબ બંને દેશોએ તેમના દળોને નિર્ધારિત પોઈન્ટ સુધી પાછા ખેંચી લીધા હતા પરંતુ વર્તમાન સ્થિતિમાં ફરી એક વખત ભારતે આ સરહદને ગંભીરતાથી લેવા નિર્ણય લીધો છે અને ખાસ કરીને લદાખ ક્ષેત્રને સુરક્ષિત રાખવા પણ તૈયારી કરી છે.

## અમદાવાદમાં ગેરકાયદે શરણાર્થીઓએ ખડકેલા બાંધકામો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા

### અમદાવાદમાં મીની બાંગ્લાદેશ પર બુલડોઝરની ધણધણાટી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

પહેલગામમાં પ્રવાસીઓ પર ભયાનક આતંકવાદી હુમલા બાદ એકશનમાં આવેલી સરકારે પાકિસ્તાની ઉપરાંત ગેરકાયદે વસવાટ કરતાં બાંગ્લાદેશીઓ પર પણ તવાઈ ઉતારી જ છે. ત્યારે હવે આવા લોકોનાં ગેરકાયદે બાંધકામો પર બુલડોઝરની ધણધણાટી શરૂ કરી દેવામાં આવી છે. અમદાવાદમાં ગેરકાયદે શરણાર્થીઓએ ખડકેલા બાંધકામો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા હતા તેમાં એક આલીશાન ફાર્મહાઉસ પણ જમીનદોસ્ત કરી દેવાયું હતું.

અમદાવાદમાં મીની બાંગ્લાદેશ જેવા શાહઆલમ પાસેના ચંડોળા તળાવ આસપાસની બાંગ્લાદેશીઓની ગેરકાયદે વસાહત-બાંધકામો પર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા હતા. બાંધકામો ઉકેડી ફેંકવા ૫૦ થી વધુ જેસીબી મશીનો સાથે કોર્પોરેશનનો કાફલો ત્રાટકયો હતો અને ગેરકાયદે બાંધકામો પર ધડાધડ બુલડોઝર ફર્યા હતા.

કોર્પોરેશન દ્વારા જડબેસલાક સુરક્ષા બંદોબસ્ત હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. મોડીરાત્રે જ ઓપરેશનની તૈયારી કરીને બુલડોઝર તથા બંદોબસ્ત ખડકી દેવાયો હતો. ક્રાઈમબ્રાંચ, એસઓજી.એસઆરપી સહિતની



એજન્સીઓને તૈનાત રાખવામાં આવી હતી.

ચંડોળા તળાવ પાસે બાંગ્લાદેશીઓએ વસવાટ કરાવનારા શખ્સ લલ્લા બિહારીએ ખડકેલુ ૨૦૦૦ વારનું ફાર્મ હાઉસ પણ તોડી પડાયુ હતું.તેના વિરૂદ્ધ પોલીસે ગુનો પણ દાખલ કર્યો હતો. બોગસ ભાડા કરાર કરાવીને ગેરકાયદે બાંગ્લાદેશીઓને રહેઠાણ અપાવતો હોવાનું કહેવાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતભરમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી ગેરકાયદે વસવાટ કરતાં બાંગ્લાદેશીઓ પર પણ તવાઈ ઉતારી હતી. ગેરકાયદે વસનારાઓને ઘરભેગા કરવાની પ્રક્રિયા વચ્ચે તેઓનાં બારોબારનાં બાંધકામ પણ હવે તોડવાનું શરૂ કરાયું છે.

## કેનેડામાં યોજાયેલી સંસદીય ચુંટણીમાં સતાધારી લીબરલ પાર્ટીએ ફરી બાજી મારી

**મુખ્ય સમાચાર,ઓટ્ટાવો**

અમેરિકાના ટેરીફ વોરનો તાપ અને પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ દેશને અમેરિકાનું ૫૧મુ રાજય બનાવવાની આપેલી ધમકી વચ્ચે કેનેડામાં યોજાયેલી સંસદીય ચુંટણીમાં સતાધારી લીબરલ પાર્ટીએ ફરી ચુંટણી જીતી લીધી છે. અગાઉ અનેક વિવાદોમાં ફસાયેલા કેનેડાના તત્કાલીન વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોના રાજીનામાના પગલે દેશનું સુકાન સંભાળનાર બેન્કર ટર્ન પોલીટીશન માર્ક કાર્નીના નેતૃત્વમાં લીબરલ પાર્ટીએ કેનેડાની સંસદની ૩૪૩ બેઠકોમાં ૧૬૦થી વધુ બેઠકો પર નિર્ણાયક લીડ મેળવી લીધી છે.

કંઝર્વેટીવ પાર્ટી અને તેના વડા પીયરે માઈલેમેરને વિપક્ષી નેતાથી જ સંતોષ માનવું પડશે. કેનેડા માટે સૌથી પડકારજનક સમયમાં ગત ચૂંટણી કરતા ૨૫% વધુ ૭૩૦ લાખ કેનેડીયને મતદાન કર્યુ છે. સંસદની ૩૪૩ બેઠકોમાં બહુમતી માટે જરૂરી ૧૭૩ બેઠકોના માર્ક સુધી લીબરલ પાર્ટી પહોંચી જશે.

કેનેડા આંતરિક રીતે પણ મોટા આર્થિક પડકાર, મોંઘવારી, બેરોજગારી વિ.થી પીડાઈ રહ્યું છે અને ઈમીગ્રેશન મુદે પણ કેનેડામાં અસંતોષ છે તે વધશે. જનતાએ બેન્કર તરીકે સફળ રહેલા માર્ક કાર્નીને પાંચ વર્ષ માટે સતા સોંપી છે.

આ ચુંટણીના ગઈકાલના મતદાન પુર્વે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે




તેના સોશ્યલ મીડીયા એકાઉન્ટ ટુથ સોશ્યલ પર કેનેડાના મતદારોને અમેરિકામાં જોડાવા માટે મતદાન કરવા અપીલ કરતા કહ્યું કે જો કેનેડા અમેરિકાનું ૫૧મું રાષ્ટ્ર બનશે તો ઝીરો ટેરીફ અમેરિકી લશ્કરી તાકાતનો લાભ વિ. લાલચ આપી હતી. લીબરલ પાર્ટીને બહુમતી મળતા હવે નવા વડાપ્રધાન માર્ક કાર્ની જેઓએ હજુ તેમની વિદેશ નીતિ અંગે કોઈ મોટા સંકેત આપ્યા નથી. સમગ્ર ચુંટણી અમેરિકી ટેરીફ સામે કેનેડાની લડાઈ પર જ લડાઈ હતી અને માર્ક કાર્નીએ સતા સંભાળતા જ ડોનાલ્ડ ટ્રમ્પને કેનેડાથી દુર રહેવા તાકીદ કરી હતી તે પછી હવે તેઓ અમેરિકાના ટેરીફ વોરનો મુકાબલો કઈ રીતે કરે છે તે જોવું રસપ્રદ બનશે.

# બ્લડની અછત નિવારવા હળવદ શહેર ભાજપ પ્રમુખ તપન દવેએ કરી અનોખી જન્મદિવસની ઉજવણી

## નવતર અભિગમને મળ્યો જબ્બર પ્રતિસાદ; શુભકામનાઓ સાથે થયું ૩૩૧ યુનિટ બ્લડ એકત્રિત

**મુખ્ય સમાચાર,મોરબી**

હળવદના સેવાભાવી નવયુવાન ગૌસેવક અને શહેર ભાજપ પ્રમુખ તપનભાઈ દવેના ૩૪ માં જન્મદિવસ નિમિતે હળવદના બજરંગ બેન્કવેટ હોલ ખાતે સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શુભ આશય સાથે આયોજીત રક્તદાન કેમ્પમાં ૩૩૧ રક્તદાતાઓએ તપનભાઈને જન્મદિવસની શુભકામનાઓ પાઠવતા હોંશે હોંશે રક્તદાન કર્યું હતું.

વર્તમાન સમયે ૪૫ ડિગ્રી તાપમાનમાં આસપાસના વિસ્તારની બ્લડ બેંક માં લોહીની તીવ્ર અછત હોવાથી થેલેસેમીયા અને અન્ય બીમારીનામાં લોહીની જરૂરિયાત થાય ત્યારે દર્દીના સગા-સબંધીઓને લોહી મેળવવામાં પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. ત્યારે આ અંગે હળવદના સેવાભાવી નવયુવાને જન્મદિવસની ઉજવણી ઉમદા સેવાકાર્ય સાથે લોક કલયાણ માત્ર કોઈ પ્રવૃત્તિ સાથે ઉજવવાનું નક્કી કર્યુ અને તેમનો આ નિર્ણય લેવાયો અનેક લોકો માટે જીવનદાન સાબિત થશે.

કહેવત છે ને કે, સાચા હૃદયથી એક શુભ સંકલ્પ કરો તો ઈશ્વરીય શક્તિ તેને પૂર્ણ કરવા શક્તિ અને બળ પૂરું પાડે છે, ત્યારે આ એક ઉમદા વિચારને હળવદ તાલુકા અને આસપાસની જનતા ખાસ અને ખાસ કરી બહોળા પ્રમાણમાં મિત્ર વર્તુળ ધરાવતા તપન દવેના સ્નેહીજનોએ હોંશેથી વધાવી લીધો અને સ્વૈચ્છિક રીતે રકતદાન કરી અને અને અધધ.. ૩૩૧ જેટલી બ્લડની બોટલ એકત્રિત કરી સિવિલ હોસ્પિટલ અમદાવાદ, સિવિલ હોસ્પિટલ મોરબી બ્લડ બેંક , સંસ્કાર બ્લડ બેંક મોરબી અને સી.યુ.શાહ મેડિકલ કોલેજ હોસ્પિટલ બ્લડ બેંક સુરેન્દ્રનગર એમ તમામ બ્લડ બેંકમાં અર્પણ કરવામાં આવી હતી.

બ્લડની અછત હતી ત્યારે આ કાર્યક્રમમાં બ્લડની બોટલ એકત્ર થતા હાલ પૂરતી અછત દૂર થતા બ્લડ બેંકના સંચાલકોએ તપનભાઈ દવેનો આભાર વ્યક્ત કર્યો હતો આ તકે દર્દી નારાયણને બ્લડ ની તાત્કાલિક જરૂરિયાત સમયે બ્લડની વ્યવસ્થા કરનાર સેવાવ્રતીઓનું પણ અદકેરું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં સુરેન્દ્રનગરના ગોવિંદભાઈ ભરવાડ, ઋષભભાઈ શાહ, સિદ્ધાર્થભાઈ શાહ, મોરબીના લખનભાઈ હડિયલ, દિપકભાઈ પરેચા (યુવા શક્તિ ફાઉન્ડેશન) અને સુજાનગઢના શૈલેષભાઈ દલવાડી (દિવ્યાંગ)આ તમામનું સાલ ઓઢાડી પુષ્પ હાર પહેરાવી મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું અને ખાસ રક્તદાતાઓને પણ આ કાળઝાળ ગરમીમાં મુશ્કેલી ન થાય તે માટે સંપૂર્ણ એ.સી હોલ માં કાર્યક્રમ યોજાયો હતો અને નાસ્તો અને ચા-પાણી તેમજ ભોજનની વ્યવસ્થા સુંદર રીતે કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં વિવિધ સેવાકીય - રાજકીય - શૈક્ષણિક સંસ્થાઓ ના અગ્રણીઓ સહિત પૂજ્ય સાધુ સંતો સર્વશ્રી દીપકદાસજી મહારાજ , ભક્તિનંદન સ્વામી , પ્રભુચરણદાસજી મહારાજ , કોઠારી સ્વામી હરિકૃષ્ણ ધામ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સેવા કાર્યમાં વિશ્વ હિન્દુ પરિષદ, હળવદ શહેર - ગ્રામ્ય યુવા ભાજપ, પાટિયા ગ્રુપ, રોટરી ક્લબ હળવદ, છોટાકાશી હળવદ સેવા ગ્રુપ, ફ્રેન્ડ્સ યુવા ગૃપ, દિલ સે ફાઉન્ડેશન , ધર્મપ્રેમી સેવા ગ્રુપના સેવાભાવી કાર્યકર્તાઓએ આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.




# મોરબીમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો વિરુદ્ધ સઘન કાર્યવાહી:૧૦ શંકાસ્પદ ઝડપાયા



મોરબી જિલ્લા પોલીસે ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશી નાગરિકો વિરુદ્ધ મોટું અભિયાન શરૂ કર્યું છે. પોલીસે ટીમો બનાવી જિલ્લાભરમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. આ કાર્યવાહી દરમિયાન લગભગ ૧૦ શંકાસ્પદ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીએ ગોળીબાર કરીને નિર્દોષ લોકોના મોત નિપજાવ્યા હતા. જેને લઈને સમગ્ર દેશમાં માહોલ આતંકવાદીઓ પ્રત્યે રોષ ફેલાયો છે. બીજી તરફ બાંગ્લાદેશીઓ છુપી રીતે ઘૂસણખોરી કરીને ગુજરાતના વિવિધ શહેરમાં વસવાટ કરતા હોય છે. ઘણા લોકો અહીંયા રહીને ગેરકાયદે પ્રવૃત્તિ પણ કરે છે. તેને લઈને મોરબી પોલીસ એક્શનમાં આવી ગઈ છે. અને પાંચ મહિલા, ત્રણ પુરુષ સહિત દશ બાંગ્લાદેશીઓની અટકાયત કરવામાં આવી છે. પ્રપ્રાંતિઓની વસાહત ધરાવતા અનેક વિસ્તારોમાં મોરબી એલસીબી, એસઓજી દ્વારા સઘન તપાસ હાથ ધરાઈ છે. અને બાંગ્લાદેશી ઘૂસણખોરોને ઝડપી પાડી દસ્તાવેજી પ્રકિયા શરૂ કરવામાં આવી છે.

# જામનગર જિલ્લાના હોમગાર્ડઝ સભ્યો માટેની રેન્ક ટેસ્ટ સફળતાપૂર્વક સંપન્ન





જામનગર જિલ્લા હોમગાર્ડઝ કમાન્ડન્ટ ગીરીશ સરવૈયાના નેતૃત્વ હેઠળ, હોમગાર્ડઝ સભ્યોને અસલ (અજ્ઞ), સિનિયર લીડિંગ હોમગાર્ડ (જ્ઞ), અને પાઈલટ સાર્જન્ટ (ડજ) ની રેન્ક પર બઢતી આપવા માટે નવાનગર હાઈસ્કૂલ ખાતે રેન્ક ટેસ્ટનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.આ ટેસ્ટમાં હોમગાર્ડઝના સભ્યોની લેખિત અને શારીરિક કસોટી લઈ તેઓની કાર્યક્ષમતાનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. જિલ્લા કક્ષાની કમિટી, જેમાં કમાન્ડન્ટ ગીરીશ સરવૈયા (ચેરમેન), હેડ ક્લાર્ક મહેન્દ્રસિંહ કાંસેલા (સભ્ય સચિવ), વડી કચેરીના પ્રતિનિધિ ડી.કે.ચાવડા (સભ્ય), એસ.ઓ. મહિલા પ્રેક્ષાબેન ભટ્ટ (સભ્ય), એસ.ઓ.સ્પોર્ટ્સ દિલીપભાઈ ડાંગર (સભ્ય), અને રિદ્ધિબેન મહેતા (સિનિયર ક્લાર્ક)નો સમાવેશ થાય છે.જેઓ દ્વારા આ પરીક્ષાનું સંચાલન કરાયું હતું.આ ઉપરાંત, જયેશ રાણા, વિજયસિંહ વાળા, નરેન્દ્રસિંહ જાડેજા, કૈલાશ જેઠવા,હિમાંશુ પુરોહિત, રાજુ ઓઝા, રામભાઈ મેવાડા, જે કે પરમાર, ચિરાગ મકવાણા, જીગ્નેશ ચૌહાણ, અને સુહીત મહેતાએ માનદ ઈન્સ્ટ્રક્ટર તરીકે પોતાની અમૂલ્ય સેવાઓ પ્રદાન કરી હતી.આ પ્રસંગે, કમિટીના ચેરમેન અને કમાન્ડન્ટ ગીરીશ સરવૈયાએ નવાનગર સરકારી હાઈસ્કૂલના આચાર્ય અને સમગ્ર રેન્ક ટેસ્ટ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ તે માટે જિલ્લાના તમામ અધિકારીઓ, હોમગાર્ડઝ સભ્યો, વડી કચેરીના પ્રતિનિધિ અને વહીવટી સ્ટાફનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

# વાંકાનેર બાઉન્ડ્રી નજીક વિદેશી દારૂના ૬૭.૬૯ લાખના જંગી જથ્થા સાથે ટ્રક પકડી લેતી એલસીબી

## વિદેશી દારૂની નાની-મોટી ૧૪,૦૪૦ બોટલ, ટ્રક, રોકડ, મોબાઈલ સહિત ૧ કરોડથી વધુનો મુદામાલ જપ્ત

**મુખ્ય સમાચાર,મોરબી**

વાંકાનેર બાઉન્ડ્રી પાસેથી ટ્રક ટ્રેઈલરમાં પંજાબ રાજ્યના ભટીંડાથી ગુજરાત રાજ્યમાં મગફળીની ભુંસાની બોરીઓની આડમાં છુપાવીને લઈ જવાતો ઈંગ્લીશદારૂનો જંગી જથ્થો બોટલો નંગ-૧૪૦૪૦ કિ.રૂ.૬૭.૬૯ લાખ તથા અન્ય મુદામાલ મળી કુલ કિ.રૂ.૧.૦૨ કરોડના મુદામાલ સાથે ટ્રક ચાલકને મોરબી એલસીબી ટીમ દ્વારા પકડી લેવામાં આવ્યો છે, આ સાથે માલ મોકલનાર અને મંગાવનાર આરોપીઓને ફરાર દર્શાવી વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં પકડાયેલ આરોપી તથા તપાસમાં ખુલ્લે તે તમામ વિરુદ્ધ પ્રોહીબીશન હેઠળ ગુનો નોંધી તપાસની તજવીજ હાથ ધરી છે.

વાંકાનેર બાઉન્ડ્રી પુલ પાસેથી મોરબી કાઈમ બ્રાંચ અને પેરોલ ફર્લો સ્ક્વોડ ટીમ દ્વારા વિદેશી દારૂના જંગી જથ્થા સાથે એક ટ્રક-ટ્રેઈલર ઝડપી લેવામાં આવ્યો છે.

જેમાં એલ.સી.બી. ટીમના એએસઆઈ સુરેશભાઈ હુંબલ, વિક્રમભાઈ ફુગશીયા તથા આશીફભાઈ ચાણકીયાનાઓને સયુંકતમાં ખાનગીરાહે હકિકત મળેલ કે, અમદાવાદ તરફથી એક ટાટા ટ્રક ટ્રેઈલર નં. આરજે-૧૪-જીજી-૫૨૦૫ રાજકોટ તરફ જનાર છે. જે ટ્રેઈલરમાં અંગ્રેજી દારૂનો જથ્થો ભરેલ છે. તેવી હકિકતના આધારે વાંકાનેર બાઉન્ડ્રી પાસે આવેલ ટોલપ્લાઝા પાસે આવેલ પોલીસ ચોકી સામે રોડ ઉપર વાહન ચેકિંગની કામગીરી કરતા હતા તે દરમિયાન બાતમી મુજબનું ટ્રક-ટ્રેઈલર નીકળતા તેને રોકી તેની તલાસી લેતા, તેમાં મગફળીના ભુસ્સાની ભરેલ બોરીઓની નીચે છુપાઈ રાખેલ ઈંગ્લીશ દારૂની વિવિધ બ્રાન્ડની નાની-મોટી ૧૪,૦૪૦ નંગ બોટલ કિ.રૂ.૬૭,૬૯,૯૨૦/- સાથે ટ્રક-ટ્રેઈલર ચાલક આરોપી સતારામ ફૂશારામ જેશારામજી ખોથ રહે.જાયડુ ગામ તા.રામસર જી.બાડમેર રાજસ્થાનની સ્થળ ઉપરથી અટકાયત કરી હતી, જ્યારે ટ્રક ટ્રેઈલર અને વિદેશી દારૂનો માલ મોકલનાર આરોપી કિશોર સારણ રહે ખડીર ગામ તા.રામસર જી.બાડમેર રાજસ્થાન વાળાના નામ ની કબુલાત આપતા, પોલીસે પકડાયેલ આરોપી તથા માલ મોકલનાર તેમજ માલ મંગાવનાર વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી ચલાવી છે, હાલ પોલીસે ટ્રકમાંથી વિવિધ બ્રાન્ડની નાની મોટી કુલ ૧૪,૦૪૦ બોટલો કિ.રૂ. ૬૭,૬૯,૯૨૦/-, ૨ મોબાઈલ ફોન રૂ. ૫,૫૦૦/-, રોકડ રૂ. ૨,૫૦૦/-, ટ્રક ટ્રેલર કિં.રૂ. ૩૫ લાખ સહિત કુલ રૂ. ૧,૦૨,૭૭,૯૨૦/-નો મુદામાલ જપ્ત કર્યો છે.

# કુચિયાદળ પાસે ડમ્પરની પાછળ કાર ઘુસી જતાં બે યુવાનના કમકમાટીભર્યા મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

કુચિયાદળ પાસે ડમ્પરની પાછળ કાર ઘુસી જતાં બે યુવાનના કમાટીભર્યા મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. વાંકાનેર નજીક કારખાનામાં કામ કરતાં મિત્રો મામાદેવના મંડવામા જતાં હતાં ત્યારે કાળ આંબી ગયો હતો. બનાવ અંગે કાળમુખા ડમ્પર ચાલક સામે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે વાંકાનેરના નવા વઘાસીયા ગામમાં રહેતા પ્રવીણભાઈ અમરશીભાઈ સારાવડીયા (ઉવ.૨૪) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતુ કે, તેઓ વાંકાનેર ખાતે આવેલ વાઈટ હાઉસ નામના કારખાનામાં મજુરી કામ કરે છે.

ગઈ તા.૨૬ ના રાત્રીના સાડા દશેક વાગ્યાની આસપાસ તેઓ તેના મીત્રો અશોકભાઈ બટુકભાઈ સિતાપરા, મનીષભાઈ બટુકભાઈ સિતાપરા, ધીરજ ઉર્ફે પ્રદીપ વિરજીભાઈ જાદવ સાથે તેમના શેઠ પ્રફુલભાઈની વર્ના કાર નં. ૠઉ ૦૩ ઊઈ ૭૪૫૧ લઈ સાત હનુમાન પાસે આવેલ મામા સાહેબના મંદીરે માંડવામાં આવવા માટે નીકળેલ હતા. કાર અશોકભાઈ બટુકભાઈ સિતાપરા ચલાવતા હતા, તેની બાજુની સીટમાં ધીરજ ઉર્ફે પ્રદીપ જાદવ બેસેલ અને પાછળની સીટમાં ફરિયાદી તેમજ મનીષભાઈ સિતાપરા બન્ને બેઠેલ હતા. તેઓ સાડા અંગીયારેક વાગ્યાના અરસામાં રાજકોટ અમદાવાદ હાઈવે રોડ ઉપર કુચીયાદડ ગામ પાસે આવેલ બ્રીજ ચડતા હતા ત્યારે તેમની આગળ એક ડમ્પર જતુ હોય, જે ડમ્પરને ઓવર ટેક કરવા જતા ડમ્પર ચાલકે કોઈ પણ પ્રકારની સાઈડ સીગ્નલ બતાવ્યા વગર તેઓ જે ટ્રેક પર ચાલતા હતા, તે ટ્રેકમાં લાવી અચાનક બ્રેક મારતા કાર ડમ્પરના પાછળના ભાગમાં અથડાઈ ગયેલ હતી. કારનો આગળનો બોનેટ વાળો ભાગ વળી ગયેલ અને કારમાં બેસેલ ચારેય મીત્રોને ગંભીર ઈજા થયેલ હતી. દરમ્યાન ત્યાંથી પસાર થયેલ રાહદારીઓએ બધાને બહાર કાઢેલ અને આ અકસ્માતમાં મીત્રો અશોકભાઈ બટુકભાઈ સિતાપરા, ધીરજ વિરજીભાઈ જાદવ બન્ને આગળની સીટમાં હોય જેઓને બોલાવતા બોલેલ નહીં અને ૧૦૮ આવી જતા તેઓને સારવારમાં પ્રથમ ખાનગી હોસ્પિટલમાં અને બાદમાં અત્રેની સીવીલ હોસ્પિટલમાં ખસેડેલ હતા.

હાલ ફરિયાદી અને મનીશભાઈની સારવાર ચાલુ છે. જેમાં તેઓને પગના ભાગે ફેક્ચર થયેલ અને મિત્ર મનીષભાઈને જમણા પગમાં ફેક્ચર અને માથામાં પાછળ ભાગે હેમરેજ થયેલ છે. તેમજ તેમના મિત્રો અશોકભાઈ બટુકભાઈ સિતાપરા (ઉ.વ.૩૫) તથા ધીરજ ઉર્ફે પ્રદીપ વિરજીભાઈ જાદવ (ઉ.વ.૨૫) બન્નેને શરીરે જીવલેણ ગંભીર ઈજાઓ થતા કુવાડવા સરકારી હોસ્પીટલના તબીબોએ તપાસી તેમને મૃત જાહેર કર્યા હતાં.

# મોરબીના લખધીરપુર રોડ ખાતે અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો,વાલી-વારસ શોધવા કવાયત

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી તાલુકાના લખ્ધીરપુર રોડ પર એન્ટીક સિરામીક અને પોર્સીપોસ વેરહાઉસ વચ્ચે માટીના ઢગલા પાસે અજાણ્યા આશરે ૪૦ વર્ષની વયના પુરુષનો મૃતદેહ મળી આવ્યો છે. મૃતકની ઓળખ મેળવવા તથા વાલી-વારસ માટે તાલુકા પોલીસે સંપર્ક કરવા અપીલ કરી છે.

મોરબી તાલુકા પોલીસ સ્ટેશનની યાદીમાં જણાવ્યા અનુસાર, ૨૮ એપ્રિલ ૨૦૨૫ના રોજ બપોરે મોરબી તાલુકાના લખ્ધીરપુર રોડ પર એન્ટીક સિરામીક અને પોર્સીપોસ વેરહાઉસ વચ્ચે આવેલા માટીના ઢગલાની પાસે એક અજાણ્યા પુરુષનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતકની વય આશરે ૪૦ વર્ષની હોય, ત્યારે પોલીસ દ્વારા મૃતકનું રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ કરાવી મૃતદેહ મોરબીના સરકારી હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં



રાખવામાં આવ્યો છે. હાલ સુધી મૃતકની ઓળખ અથવા કોઈ સગા-સંબંધીઓનો સંપર્ક થયો નથી. જેથી મોરબી તાલુકા પોલીસ દ્વારા જણાવવામાં આવ્યું છે કે જે કોઈ વ્યકિત કે સંબંધીઓ મરણ જનારની ઓળખ કરી શકે તેઓ તત્કાલ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનના સંપર્ક નં. ૬૩૫૯૬ ૨૬૦૬૬ અથવા પો.હેડ.કોન્સ. એ.એમ.ગરીયા મો.નં. ૯૦૧૬૩ ૮૮૮૧૯ પર સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# બેડીમાં મહિલાનો વ્યાજખોરના ત્રાસના કારણે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ

જામનગરના બેડી વિસ્તારમાં રહેતી એક મહિલાએ વ્યાજખોરના ત્રાસ ના કારણે ઝેરી દવા પી લઈ આપઘાત નો પ્રયાસ કરતાં તેણી ને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાઈ છે.જે મામલે પોલીસ તપાસ ચલાવે છે.આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં બેડી વિસ્તારમાં ભારત ઓઈલ મીલના પાછળના ભાગમાં રહેતી શાયરાબેન હનિફ ભાઈ કુંગડા નામની ૪૦ વર્ષની વયની એક મહિલાએ ગઈકાલે રાત્રે દસેક વાગ્યાના અરસામાં પોતાના ઘેર વ્યાજખોરના ત્રાસના કારણે ઝેરી દવા પી લઈ આપઘાત નો પ્રયાસ કરતાં તેણી બેશુદ્ધ બની હતી. આ બનાવ અંગે તેણીને તાત્કાલિક અસરથી સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે, જ્યાં તેણી બેશુદ્ધ અવસ્થામાં સારવાર હેઠળ છે.આ બનાવની જાણ થતાં સીટી બી. ડિવિઝનનો પોલીસ સ્ટાફ જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દોડી ગયો છે, અને આ બનાવ અંગે દવા પી લેનાર મહિલાના પરિવારજનોનું નિવેદન નોંધવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ વ્યાજખોરના વીષચક્રમાં ફસાઈ જતા તેના ત્રાસના કારણે આ પગલું ભરી લીધું હોવાનું જણાવાયું છે. જે મામલામાં પોલિશ ઊંડાણપૂર્વકની તપાસ કરી રહી છે.

# જામનગરમાં આઈપીએલનો સટ્ટો રમતો બકાલાનો ધંધાર્થી ઝબ્બે

જામનગરના મહાપ્રભુજીની બેઠક નજીક હોટલ સામે આવેલા ચોકમાં બકાલાના ધંધાર્થી મોબાઈલ એપ્લીકેશન મારફત આઈપીએલનો સટ્ટો રમતા પોલીસે રોકડ તેમજ મોબાઈલ સાથે પકડી લીધો હતો જેમાં એકનું નામ ખુલ્યુ હતું. હાલમાં ચાલી રહેલ આઈપીએલ ૨૦-૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ પર સટ્ટો રમનારા શખ્સો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે, દરમ્યાન સીટી-એ ડીવીઝન પોલીસ દ્વારા બેઠક રોડ પર મહાકાલ ચોકમાં દરોડો પાડવામાં આવ્યો હતો જ્યાં ઠેબા ચોકડી વિસ્તાર ખાતે રહેતા બકાલાનો ધંધો કરતા લાલજી બાબુ કછેટીયા નામના શખ્સને મોબાઈલમાં એપ્લીકેશન મારફત આઈપીએલની દિલ્હી-બેંગ્લોર વચ્ચેની મેચનું પ્રસારણ નિહાળી સોદા કરીને જુગાર રમતા તેને પકડી લેવામાં આવ્યો હતો.તેની પાસેથી રોકડા ૧ હજાર તથા એક મોબાઈલ મળી કુલ ૧૧ હજારના મુદામાલ કબ્જે કરાયો હતો, તપાસ દરમ્યાન જામનગરના મહેબુબ નામના શખ્સની સંડોવણી ખુલી હતી જેને ફરાર જાહેર કરી તપાસ લંબાવી છે.

# લાલપુરના મોટી વેરાવળમા જુગાર રમતા છ પત્તાપ્રેમી પકડાયા

જામનગર લાલપુર તાલુકાના મોટી વેરાવળ ગામમા જુગાર રમતા છ શખ્સને પકડી લઈ પોલીસે પટમાંથી ગંજીપાના તથા રોકડ કબજે કર્યા છે.લાલપુર તાલુકાના મોટી વેરાવળ ગામમાં જુગારની મહેફિલ જામી હોવાની બાતમી પરથી લાલપુર પોલીસ સ્ટેશનના સ્ટાફે મોટી વેરાવળ ગામમાં આવેલા પ્રફુલભાઈ મગનભાઈ ઝાંખરીયાના મકાન પાસે દરોડો પાડ્યો હતો.ત્યાં જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા નારણપરના મનિષ કરસનભાઈ ચાંદ્રા, મોટી વેરાવળના સંજય નરોતમભાઈ રાયઠઠ્ઠા, ચંગા ગામના વનરાજસિંહ ભરતસિંહ જાડેજા, નારણપર ગામના ધનસુખ જીવાભાઈ ચાંદ્રા,મોટી વેરાવળના સુરેશ હરીલાલ ખાખરીયા અને પ્રફુલ મગનભાઈ જાખરીયા નામના છ શખ્સ મળી આવ્યા હતા. પોલીસે પટમાંથી રૂ.૧૬,૪૭૦ રોકડા તથા ગંજીપાનાં કબજે કરી તમામ સામે જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુન્હો નોંધ્યો છે.

# મોરબી શહેરમાં તીનપત્તી અને નોટના નંબરનો જુગાર રમતા સાત પકડાયા, એક નાસી ગયો

મોરબી શહેર પોલીસ દ્વારા અલગ અલગ ત્રણ સ્થળોએ જુગારના દરોડામાં કુલ સાત જુગારીને ઝડપી લેવામાં આવ્યા છે, જ્યારે દરોડા દરમિયાનની નસભાગમાં એક જુગારી ભાગી છૂટ્યો હતી, હાલ એ ડિવિઝને પાડેલ ત્રણ દરોડામાં કુલ ૮ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રથમ દારોડામાં શહેરના ગાંધીચોકમાં જાહેરમાં ચલણી નોટના નંબર ઉપર પૈસાની હારજીતનો જુગાર રમતા હુસેનભાઈ મહમદભાઈ મુસાભાઈ ભટ્ટી ઉવ.૨૫ રહે.મોરબી વીસીપરા ફલછાબ શેરી નં.૦૪, સુલતાનભાઈ દીલાવરભાઈ દાઉદભાઈ મોવર ઉવ.૨૨ રહે.મોરબી જોન્સનગર તથા આશીફભાઈ યુસુફભાઈ આદમભાઈ કચ્છી ઉવ.૨૧ રહે.મોરબી મેમણ કોલોની કોહીનુર શેરીની બાજુ એમ ત્રણ જુગારીને રોકડા રૂ.૭,૬૯૦ સાથે પકડી લેવામાં આવ્યા હતા, જ્યારે બીજા દરોડામાં મોરબી શનાળા રોડ માર્કેટિંગ યાર્ડમાં શાકભાજી વિભાગમાં જાહેરમાં તીનપત્તીના જુગારની મહેફિલ માંડી બેઠેલા નરોતમભાઈ રિશાલસિંગ દાતારામ રાજપુત ઉવ.૨૪ તથા વિવેકભાઈ રાજેન્દ્રભાઈ જયપાલભાઈ કશ્યપ ઉવ.૨૦ બન્ને રહે. હાલ મોરબી માર્કેટીંગ યાર્ડ દુકાન નંબર-૧૮ મુળ રહે.ન્યોલી તા.સાબર જી.કાચગંજી રાજ્ય-યુ.પી. વાળાને રોકડા રૂ.૪,૬૦૦/- રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત જુગારના ત્રીજા દરોડામાં શહેરની રેલ્વે કોલોનીમાં પટ્ટમાં જાહેરમાં અમુક ઈસમો દ્વારા ગંજીપત્તાના પાના વડે જુગાર રમતા હોવાની બાતમીને આધારે સીટી એ ડિવિઝન પોલીસ ટીમે ઉપરોક્ત સ્થળે દરોડો પાડીને જુગારની મજા માણતા ગોપાલભાઈ બાબુભાઈ થોભણભાઈ રાવા ઉવ.૨૭ રહે.મોરબી વિજયનગર રાધા-કિષ્ના સોસાયટી મંદીર પાસે તથા કિશનભાઈ રામજીભાઈ જીવણભાઈ ગરીયા ઉવ.૨૩ રહે.નવલખી રોડ ન્યુ રેલ્વે કોલોની વાળાને ઝડપી લીધા હતા, જ્યારે એક જુગારી કાનાભાઈ ભુપતભાઈ ઠુંગા રહે.મોરબી વિજયનગર વાળો નાસી ગયો હતો.

# ગોંડલમાં પાટીદાર યુવા નેતાઓની કારમાં તોડફોડ કરનાર ગણેશ જૂથના ૧૦ શખ્સોની ધરપકડ

## અલ્પેશ જૂથની કારે ટોળાંને કચડવાનો પ્રયાસ કર્યાના ગુનામાં ચાલકની કરવામાં આવશે ધરપકડ

**મુખ્ય સમાચાર રાજકોટ**

ગોંડલમાં બે જુથ વચ્ચે રાજકીય અસ્તિત્વ વચ્ચેની લડાઈ, જાતિવાદનો મુદ્દો કે શાંતિ સ્થાપવાના નામે ગોંડલમાં ગરમાવો કરવાના પ્રયાસ રૂપ જેવી ચાલી રહેલી માથાકુટમાં ગઈકાલે ગણેશ અને અલ્પેશના સમર્થકો વચ્ચેના તણાવ, તોડફોડમાં ગોંડલ પોલીસ ગણેશ તરફે સમર્પણ કરનારા અથવા તો અલ્પેશના પ્રવેશનો વિરોધ કરનારા ૧૦ ઈસમોની ધરપકડ કરી છે. હવે સામાપક્ષે અલ્પેશ કથિરીયા સાથે આવેલી કારના કાફલા પૈકીની એક કારે દેખાવકારોને કચડવાનો પ્રયાસ કર્યાની ફરિયાદમાં કારના ચાલકની શોધ આરંભાઈ છે.

થોડા સમયથી ગોંડલમાં ધારાસભ્ય પરિવારની દાદાગીરી, પાટીદારો, પ્રજા ભયમાં એવા શબ્દો સાથે કેટલાક અગ્રણીઓ ગોંડલમાં જઈને કે સોશિયલ મીડિયામાં વોર ચલાવતા હતા. સામ સામા પડકારો, પ્રતિકારોના શાબ્દીક યુધ્ધ બાદ ગઈકાલે સુરત રહેતા અલ્પેશ કથીરીયા, જીગીશા પટેલ સહિતનાઓ કાર્સના કાફલા સાથે ગોંડલ પહોંચ્યા હતા. જ્યાં અગાઉથી હાજર ગોંડલના પ્રજાજનો કે ગણેશના સમર્થકો દ્વારા કાળા વાવટા ફરકાવાયા, વાતાવરણ તંગ બન્યું. કેટલીક કારમાં લાકડી કે આવા પાઈપ જેવી વસ્તુ ફટકારીને કાચ ફોડાયા હતા. વિરોધ સાથે ઉત્પાત મચાવાયો હતો.સામે અલ્પેશ કથીરીયા જૂથના કારના કાફલા પૈકીની એક કારના ચાલકે વિરોધ કે દેખાવકાર રટોળા ટોળા પર કાર ફેરવી કચડવાનો પ્રયાસ કર્યાનો વીડિયો વાયરલ થયો હતો. ગોંડલમાં ગઈકાલે સવારથી જ પરિસ્થિતિ પારખીને પોલીસ અધિકારીઓ સહિતનો મોટો કાફલો ગોઠવાયો હતો અને પોલીસની હાજરી વચ્ચે પણ તોડફોડ કે કાર નીચે કચડવાના પ્રયાસની ઘટનાઓ ઘટી હતી. જો પોલીસ હાજર ન હોત અથવા બે, પાંચ, દશ, પોલીસનો બંદોબસ્ત હોત તો ચિત્ર કાંઈક અલગ થઈ જાત તેવું ત્યાંના કેટલાક લોકોનું કહેવું હશે. પોલીસના કારણે જ ગોંડલનું વાતાવરણ ડોહળાતા અટક્યું હતું.

ગોંડલ બી ડિવિઝન પોલીસ દ્વારા કારમાં તોડફોડ, ઉત્પાદન મચાવવા બાબતે ટોળા સામે ગુનો નોંધાયો નોંધાયો હતો. હતો. ગઈકાલે દેખાવ સમયે જ ત્રણ વ્યક્તિને પોલેસે રાઉન્ડઅપ કરી લીધા હતાં. પોલીસે ગણેશ ગોંડલના સમર્થકો પૈકીના ૧૦ ઈસમો, ગોંડલના વિજયનગરમાં રહેતા પીન્ટુ શામજીભાઈ સાવલીયા (ઉ.વ.૩૧), સહજાનંદનગરના નીલેષ



પરસોત્તમભાઈ ચાવડા (ઉ.વ.૩૯), સિધ્ધાંતનગરના પુષ્પરાજ જનકભાઈ વાળા (ઉ.વ.૩૧), માર્કેટ યાર્ડ પાછળ રહેતા અરમાન રાજુભાઈ ખોખર, ખોડીયારનગરના ગોપાલભાઈ વાઘેલા (ઉ.વ.૨૫) રેલ્વે જંકશન પાસે રહેતા અજીતસિંહ પુનસિંહ ઝાલા (ઉ.વ.૩૫), કરણસિંહ ચંદ્રસિંહ પઢીયાર (ઉ.વ.૩૫) રહે. યોગીનગર તથા સિધ્ધાંતનગરના કિર્તીરાજસિંહ સહદેવસિંહ ઝાલા (ઉ.વ.૧૯), વોરા કોટડા રોડ આવાસ કવાર્ટરમાં રહેતા હિતેશ રમેશભાઈ રાઠોડ (ઉ.વ.૩૧)ની પી.આઈ. જે.પી.ગોસાઈ, એ.સી.ડામોર તથા સ્ટાફે આરોપીઓને તેમના નિવાસ કે અન્ય સ્થળેથી શોધીને ધરપડ કરી છે. જ્યારે અલ્પેશ કથીરીયા સાથે આવેલી અન્ય કાર્સ પૈકીની બ્રેઝા કારે દેખાવકારોને કચડવાના કરેલા પ્રયાસના આરોપમાં કાર ચાલકની ધરપકડ થશે. આમ હાલ તો બંને જુથના ટેકેદારો પોલીસના પાંજરામાં પુરાયા છે.

# રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છમાં પરશુરામ જયંતિની સાદગીપૂર્ણ ઉજવણી

## રાજકોટમાં પરશુરામ જન્મોત્સવ સમિતિ દ્વારા શોભાયાત્રા-મહાપ્રસાદ રદ્દ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભગવાન પરશુરામ જયંતી નિમિત્તે પરંપરાગત રીતે યોજાતી શોભાયાત્રા, મહાપ્રસાદ, આરતી વગેરેના આયોજનો મહદઅંશે રાજકોટ સહિત ગોંડલ, વાંકાનેર, ચાલાલા, બગસરા સહિત અન્ય સ્થળો પર પહેલગામ આતંકી હુમલાના કારણે મોકુફ રખાયા છે અથવા તો સાદગીથી પરશુરામ જયંતીની ઉજવણી કરવામાં આવ્યા છે

રાજકોટમાં પરશુરામ જન્મોત્સવ સમિતિ દ્વારા પહેલગામ આતંકી ઘટનાને કારણે શોભાયાત્રા તથા મહાપ્રસાદનું આયોજન રદ કરવામાં આવેલ છે તેમજ પરશુરામ ધામ ખાતે માત્ર મહાઆરતી યોજાશે તથા પહેલગામ આતંકી હુમલામાં મૃત્યુ પામેલા દિવંગતોને શ્રધ્ધાસુમન અપાશે.

જયારે સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ જયંતિની સાદાઈથી ઉજવણી કરવામાં આવી હતી. આજે ૪.૩૦ કલાકે પંચનાથ મંદિરથી પરશુરામ શોભાયાત્રાનો પ્રારંભ થશે વિવિધ માર્ગો પરથી પસાર થઈને ચૌધરી હાઈસ્કુલ ખાતે સંપન્ન થશે ત્યાં મહાઆરતી તથા પહેલગામ ઘટનાના મૃત્યુ પામેલા દિવંગતોને શ્રધ્ધાસુમન અપાશે.

બ્રાહ્મણોનાં આરાધ્યદેવ ભગવાન પરશુરામનો પ્રાગટ્ય દિન ની સાદગીપુર્ણ ઉજવવા સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા નક્કી કરાયુ છે. શહેર તાલુકા સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ જીતુભાઈ આચાર્ય એ જણાવાયુ કે કાશ્મીર નાં પહેલગાવ માં આતંકવાદીઓ એ નિર્દયપણે ૨૭ નિર્દોષ લોકોનો ભોગ લીધો છે. જે નિંદનીય છે.બ્રામ્હણો હમેંશા રાષ્ટ્રવાદી રહ્યા છે.

ત્યારે અસુરી વિચારોનો સંહાર કરનારા ભગવાન પરશુરામ જન્મોત્સવ ગોંડલ બ્રહ્મસમાજ દ્વારા સાદગીપુર્ણ ઉજવાશે. શોભાયાત્રા તથા ભોજન પ્રસાદ બંધ રાખી સાંજે સાડા પાંચ કલાકે ભુવનેશ્વરીમંદિર ખાતે આરતી અને પુજાનો કાર્યક્મ રખાયો છે. બાદમાં મૃતાત્માઓને શ્રધ્ધાંજલી અર્પણ કરાશે.હિન્દુ સંગઠનો પણ પરશુરામ જન્મોત્સવમાં જોડાશે.

વેરાવળ બ્રહ્મ સમાજ પરશુરામ જ્યંતીએ શોભાયાત્રા ન કાઢવાની જાહેરાત કરી અને કાશ્મીરમાં આંતકી હુમલામાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલી પાઠવનાર છે.

કાશ્મીરના પહેલગામ આંતકવાદીઓએ કરેલ કાયરતા પૂર્ણ હુમલામાં નિર્દોષ ૨૮ નાગરિકોના મૃત્યુ થયાની ઘટનાને લીધે દેશમાં શોકનો માહોલ હોવાથી પરશુરામ જયંતિના પાવન દિવસે વેરાવળમાં નીકળનારી બ્રહ્મસમાજની શોભાયાત્રા ન કાઢવાનો નિર્ણય લીધેલ છે. આ દિવસે નિર્દોષ નાગરીકોના દિવ્ય આત્માની શાંતિ માટે હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞનું આયોજન કરેલ હોવાનું બ્રહ્મસમાજના પ્રમુખ સુજલભાઈ પાઠકએ જણાવેલ છે.

વાંકાનેરમાં ભુદેવોના આરાધ્ય દેવ ભગવાન પરશુરામ દાદાની જન્મ જયંતિની ઉજવણી તા. ૩૦ના રોજ કરવામાં આવનાર હતી જેમાં રાત્રે પરશુરામ ભગવાનને આહવાન કરી ગરબા રાસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમજ તા. ૩૦ના રોજ સવારે રાજકોટ રોડ પર નવનિર્માણ પામનાર પરશુરામ ધામ ખાતે શાંતિ યજ્ઞ તથા સાંજે જકાતનાકા નેશનલ હાઈવેથી શહેરના રાજમાર્ગો પર શોભાયાત્રા કાઢવામાં આવનાર હતી.

પરંતુ કાશ્મીરમાં આતંકવાદીઓ દ્વારા ૨૭ નિર્દોષ પ્રવાસીઓને ધર્મ પૂછી મોતને ઘાટ ઉતારી દેવામાં આવતા માત્ર ભારત દેશ જ નિ પરંતુ આખુ વિશ્વ શોકમાં ગરકાવ થઈ ગયું છે. વિશ્વના ખુણે ખુણેથી આ જઘન્ય કૃત્યને વખોડી કાઢવામાં આવ્યું છે અને સાથે જ આ માનવભક્ષી રાક્ષસોના સંહાર માટે દેશના પ્રજાજનો વડાપ્રધાનના નિર્ણય સામે મીટ માંડીને બેઠા છે. આવા માનવ હત્યાકાંડને કારણે વાંકાનેરમાં પરશુરામ જન્મ દિવસે યોજાનાર દાંડિયા રાસ, શોભાયાત્રા તથા મહાપ્રસાદના કાર્યક્મો રદ કરવામા આવ્યા છે અને



હવે તા. ૩૦ના રોજ સવારે પરશુરામ ધામ ખાતે શાંતિ યજ્ઞ તથા દિવંગતોના આત્માના કલ્યાણ માટે શ્રધ્ધાંજલી તથા સાંજે મહાઆરતી સાદગીથી યોજવામાં આવશે જેની સમસ્ત બ્રહ્મસમાજ સહિત તમામ સનાતની હિન્દુ સમાજે નોંધ લેવા મોરબી જીલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ ભરતભાઈ ઓઝા તથા વાંકાનેર તાલુકા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ જયેશભાઈ ઓઝાની યાદીમાં જણાવાયું છે.

# બામણબોર ચેકપોસ્ટ પાસે ટ્રકના ચોર ખાનામાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી લેતી ગુના નિવારણ શાખાની ટીમ

## ટ્રક ચાલકની ધડપકડ કરી ૮૫૫૨ બોટલ સહિત કુલ રૂપિયા ૨૪.૬૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ અમદાવાદ હાઈવે પર બામણબોર ચેકપોસ્ટ પાસે પેટ્રોલિંગમાં રહેલા ગુના નિવારણ શાખા ની ટીમના માણસોએ બાતમીના આધારે ટ્રકના ચોર ખાનામાંથી ૮૫૫૨ બોટલ વિદેશી દારૂ નો જથ્થો ઝડપી લઈ ટ્રકચાલકની ધરપકડ કરી ₹૨૪.૬૬ લાખનો મુદ્દામલ કબજે કર્યો છે





આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ પીસીબીના પી.એસ.આઈ એમ જે હુંણ ની સૂચનાથી એસ.આઈ સંતોષભાઈ મોરી હરદેવસિંહ રાઠોડ કોન્સ્ટેબલ વિરેનૃદ્રસિંહ કોન્સ્ટેબલ દેવરાજભાઈ સહિતનો સ્ટાફ રાજકોટ અમદાવાદ હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાથની મળી હતી કે ગોકુલધામ પાસે આવેલ ગીતાંજલિ સોસાયટી મારે તો બુટલેગર અને રામાપીર ચોકડી પાસે રહેતો બુટલે ઘરે વિદેશી દારૂનો જથ્થો મંગાવી હોવાની હકીકતના આધારે ૧ભબ શાખા ની ટીમે બામણબોર ચેક પોસ્ટ પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન નંબર લષ ૩ બદ ૯૪ ૮૫ નંબરનો ચલાવી એક શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે અટકાવી ટ્રકની કલાસી લેતા તેની કેબિનમાં બનાવેલ ચોર ખાનામાંથી ૮૫૫૨ બોટલ કિંમત રૂપિયા ૧૪.૫૬ લાખ નો જથ્થો મળી આવતા પોલીસે ટ્રક ચાલક રઘુ દેવા ચાવડા રહે રામાપીર ચોકડી કયાધાર મફતિયાપરા ની ધરપકડ કરી ટ્રક સહિત કુલ રૂપિયા ૨૪ પણ ૬૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો ઝડપાયેલા ટ્રક ચાલકની વધુ તપાસ કરતા દારૂનો જથ્થો ગોકુળધામ પાસે આવેલ ગીતાંજલિ સોસાયટી નો બુટલેગર વાલા હનુ બાભવા એ મંગાવ્યો હોવાની કબુલાત આપતા પોલીસે વાલા બાંભવાની શોધ કોણે શરૂ કરી છે.

# આરોગ્ય સાથી પ્રોજેક્ટ હેઠળ રાજકોટ સિવિલ હોસ્પિટલના ૯૦૦ થી વધુ કર્મચારીઓ માટે સોફ્ટ સ્કિલ તાલીમનો પ્રારંભ

## દર્દીની સારવારમાં સહાનુભૂતિ, ભીડ વ્યવસ્થાપન, માનવીય અભિગમ, ટીમ વર્ક, માઈન્ડ ડેવલોપમેન્ટ, અસરકારક કમ્યુનિકેશનનો બે દિવસીય તાલીમ-વર્કશોપ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રાજ્યની વિવિધ સિવિલ હોસ્પિટલ ખાતે દર્દીઓને સારવારમાં સુગમતા અને સધિયારો મળી રહે તે માટે હોસ્પિટલના કર્મચારીઓ માટે નઆરોગ્ય સાથીથ પ્રોજેક્ટ હેઠળ નસોફ્ટ સ્કિલથ તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

ઈ.એમ.આર.આઈ. -જી.એચ.એસ. ના સહયોગથી રાજકોટ પી.ડી.યુ. સિવિલના વોર્ડ સ્ટાફ, કેસ વિન્ડો, સિક્યોરિટી સહિતના આશરે ૯૦૦ જેટલા સ્ટાફ માટે આયોજિત નઆરોગ્ય સાથીથ તાલીમનો પ્રારંભ આજરોજ એમ.સી.એચ. વીંગ ખાતે કરવામાં આવ્યો છે.

સોફ્ટ સ્કિલ ટ્રેનીંગ અંગે ટ્રેનર શ્રી વૈશાલી ચુડાસમાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, બે દિવસીય તાલીમ પ્રોગ્રામમાં સ્ટાફની હોસ્પિટલ મેનેજમેન્ટમાં ભૂમિકા, દર્દીની સંભાળમાં સહાનુભૂતિ, પરસ્પર જોડાયેલી જવાબદારીઓનું સંચાલન, દર્દી-કેન્દ્રિત અભિગમ વિકસાવવો, અવલોકન દ્વારા ભીડનું સંચાલન તેમજ મેનેજમેન્ટ કરવું, હોસ્પિટલોમાં સંઘર્ષ અંગે નિરાકરણ લાવવું, અસરકારક સંદેશાવ્યવહાર કૌશલ્ય, સારવાર માટે આવનાર વિકલાંગ વ્યક્તિઓને મદદ કરવા સહિતના વિષયો પર બે દિવસ દરમ્યાન વિવિધ સેશનમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવશે.

આ ઉપરાંત ઉપરોક્ત વિષય સંદર્ભે કેસ સ્ટડીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મુશ્કેલ મુલાકાતીનું સંચાલન કરવું, મર્યાદિત ગતિશીલતા



ધરાવતા દર્દીને મદદ કરવી તેમજ મોકડ્રિલ દ્વારા લાઈવ તાલીમ પુરી પાડવામાં આવશે. બે દિવસીય તાલીમમાં પ્રતિ બેચ ૨૫ કર્મચારીઓને ટ્રેનીંગ આપવામાં આવશે. તાલીમ બાદ દરેક સહભાગી થનાર કર્મચારીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે. તેમની સાથે સહ ટ્રેનર તરીકે શ્રી વિપુલકુમાર પંડ્યા એમ.સી.એચ. બિલ્ડીંગમાં ટ્રેનીંગ સેન્ટરમાં માર્ગદર્શન આપી રહ્યા છે. આરોગ્ય સાથી તાલીમ કાર્યક્રમનો શુભારંભ આજરોજ સિવિલ અધિક્ષક ડો. મોનાલી માકડીયા, આર.એમ.ઓ. ડો. હર્ષદ દુસરા, ડો.એચ. જાવિયા, ડો.હરેશ ભાડેસિયા, આસિસ્ટન્ટ હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટર અંકિતા સિંહ, સિવિલના એચ.આર. મેનેજર શ્રીમતી ભાવના સોની, એમ.સી.એચ. વિભાગના એચ.આર. શ્રીમતી પ્રેઝી જાડાની પ્રેરક ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

# સરગમ ક્લબ અને મંજુલાબેન ઠકરારના સયુંકત ઉપક્રમે દિવ્યાંગો માટે ત્રિ-દિવસીય જયપુર ફૂટ કેમ્પ યોજાશે

## કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ તા.૧ના રોજ સીધા સ્થળ પર પહોચવું દર્દીઓએ પોતાનું ઓળખપત્ર તેમજ ડોકટરના સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સાસ્કૃતિક, સામાજિક અને તબીબીક્ષેત્રમાં અગ્રેસર રહેનાર સરગમ ક્લબ શહેરમાં જયપુર ફૂટકેમ્પના રૂપમાં વધુ એક સેવાકેન્દ્ર ચલાવી રહેલ છે. સરગમ ક્લબ અને મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર (લંડન) અને કમાણી ફાઉન્ડેશનનાં સયુંકત ઉપક્રમે તા.૧/૦૫/૨૦૨૫ ગુરુવાર થી ૩/૦૫/૨૦૨૫ ના રોજ આ જયપુર કેમ્પ યોજાશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના ફોટોવાળુ સરકાર માન્ય ઓળખપત્ર આધારકાર્ડ અને ડોક્ટરનું વિકલાંગ સર્ટીફીકેટની ઝેરોક્ષ સાથે લાવવાની રહેશે.

સરગમ કલબ ના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા ના જણાવ્યા અનુસાર, આ કેમ્પમાં જરૂરતમંદોને વિનામૂલ્યે કૃત્રિમ પગ બેસાડવામાં આવે છે. આ કેમ્પ તા.૧/૦૫/૨૦૨૫ થી ૩/૦૫/૨૦૨૫ સુધી મે માસ નાં રોજ યોજાશે. જેની ખાસ નોંધ લેવી. આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા લોકોને તા ૦૧/૦૫/૨૫ ગુરુવાર ના રોજ સવારે૮/૦૦ કલાકે ખાસ સરગમભવન,જામટાવરરોડ, નવી કલેકટર કચેરીની બાજુમાં, રાજકોટ. ફોન નં.૦૨૮૧-૨૪૫૭૧૬૮ ખાતે દર્દીઓએ રૂબરૂ હાજર રહેવા જણાવાયું છે. આ ઉપરાંત જે લોકો અગાઉ સાધનો લઈ ગયા છે. અને તેઓને રીપેરીંગ કરાવવાનું હોઈ તેઓએ પણ તા.૧/૦૫/૨૦૨૫ ના રોજ સવારે ૮/૦૦ ખાસ ઉપસ્થિત રહેવું.

આ કેમ્પમાં અમોને મુખ્ય સહયોગ મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર, જયુભાઈ ઠકરાર અને શિલ્પાબેન ઠકરાર (લંડન) પરિવારનો સહયોગ મળેલ છે.

આ કેમ્પની સફળતા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તથા કમાણી ફાઉન્ડેશનનાં માર્ગદર્શન હેઠળ સરગમ સેવા કેન્દ્રના ચેરમેન અરવિંદભાઈ પટેલ અને મંજુલાબેન કલ્યાણજીભાઈ ઠકરાર (લંડન) તથા કમાણી ફાઉન્ડેશનના દીપકભાઈ કમાણી તેમજ રશ્મીભાઈ કમાણી જહેમત ઉઠાવે રહ્યા છે.

# સેબીએ શેરબ્રોકર્સ હાઉસ પટેલ હેલ્થ એડવાઈઝર્સ સામે પ્રતિબંધાત્મક આદેશો જારી કર્યા

## ૧૭૩ સ્કીપોમાં છેતરપીંડી આચરીને ગેરકાયદે કમાણી કરી : રૂ.૩.૨૨ કરોડ જમા કરાવવાનો પણ આદેશ : બ્રોકિંગ હાઉસ તથા ચાર ડાયરેકટરો પર તવાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શેરબજારમાં કેટલાંક મહિનાઓથી તેજી-મંદીની ઉથલપાથલ વચ્ચે ગોટાળા-છેતરપીંડીના કિસ્સા પ્રકાશમાં આવતા રહ્યા છે. આવા જ એક કેસમાં માર્કેટ નિયમનકાર સેબીએ રાજકોટના શેરબ્રોકર્સ હાઉસ એવા પટેલ હેલ્થ એડવાઈઝર્સ તથા તેના ચાર ડાયરેકટરો સામે પ્રતિબંધાત્મક આદેશો જારી કર્યા છે અને ગેરકાયદેસર રીતે કરેલી રૂા.૩.૨૨ કરોડની કમાણી જમા કરવાનો હુકમ કર્યો છે.


સેબી દ્વારા ખોટા સોદાનાં આધારે છેતરપીંડી કરવા બદલ વચગાળાનાં આદેશમાં આ કડક કદમ ઉઠાવ્યું છે. રાજકોટમાં યુનિવર્સીટી વિસ્તારમાં ઓફિસ ધરાવતા પટેલ વેલ્થ એડવાઈઝર્સ તથા તેના ડાયરેકટરોએ છેતરપીંડી માટે આચરેલી મોડસ ઓપરેન્ડીનુ પણ સેબીના ૪૧ પાનાના વચગાળાના આદેશમાં વર્ણન કરવામાં આવ્યુ છે.

જાન્યુઆરી ૨૦૨૧ થી જાન્યુઆરી ૨૦૨૫ દરમ્યાન કુલ ૧૭૩ સ્ત્રીઓમાં ૬૨૧ વખત છેતરપીંડી આચરીને ૩.૨૨ કરોડની કરોડની કમાણી કરી હતી તે જમા કરાવવાનો પણ આદેશ કરવામાં આવ્યો છે.

શેરબજારનાં અન્ય ટ્રેડરો-ઈનૂેસ્ટરોમાં ભ્રમની સ્થિતિ સર્જવા સાથે મોટી વધઘટના આધારે છેતરપીંડી કરવાની મોડસ ઓપરેન્ડી અપનાવવામાં આવી હતી. કોફી ડે એન્ટરપ્રાઈઝ સહિતની સ્કીમોમાં આ રીતે છેતરપીંડી કરાઈ હતી.

વચગાળાનાં આદેશમાં એવો નિર્દેશ કરાયો છે કે ભુતકાળમાં માત્ર કેશ સેટમેન્ટની સ્કીમોમાં આ પ્રકારની છેતરપીંડીના કિસ્સા બનતા હતા પરંતુ પહેલ હેલ્થ એડવાઈઝર્સ દ્વારા તો કેશ સેગમેન્ટ ઉપરાંત ડેરવેટીવ્ઝમાં પણ આ મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરીને છેતરીપીંડી આચરવામાં આવી હતી. કૃત્રિમ ડીમાંડ સપ્લાયનો ભ્રમ સર્જીને ભાવમાં વધઘટ કરાવીને ગેરકાયદે કમાણી કરવામાં આવી હતી.

સેબીએ લાગુ કરેલા પ્રતિબંધાત્મક આદેશોમાં પટેલ હેલ્થ



એડવાઈઝર્સ પ્રાઈવેટ લીમીટેડ તથા તેના ચાર ડાયરેકટરો ડેનીસ મહેશભાઈ પટેલ, કૌશલ વસંતરાય પટેલ, મિનિષ મહેશભાઈ પટેલનો સમાવેશ થાય છે. તેઓને શેરબજારમાં ટ્રેડીંગ કરવા પર પ્રતિબંધ છે. જોકે કલાયન્ટ બિઝનેસને કોઈ અસર નહિં થાય.

સેબીનાં વચગાળાનાં આદેશમાં છેતરપીંડીની મોડસ ઓપરેન્ડી દર્શાવવામાં આવી છે જે અંતર્ગત બ્રોકીંગ હાઉસ ખુબ મોટી સંખ્યામાં કોઈ સ્કીપમાં માર્કેટ ભાવ કરતાં ઘણા ઉંચા કે નીચા ભાવે સોદો નાખે છે જેના આધારે લોકોમાં જે તે સ્કીપમાં જંગી લેણ કે વેચાણ ભાવમાં વધઘટ શરૂ થઈ જાય છે.

# રાજકોટમાં એક કલાકમાં પૈસા આપું કહી સોનાના બે બિસ્કિટ ખાઈ જનાર વ્હોરા વેપારી પકડાયો

## પાડોશમાં જ રહેતાં હોય વ્હોરા વેપારીએ ભરોસો મુકી રૂ.૧૫.૮૧ લાખના બે બિસ્કિટ આપ્યા હતાઃ દેવું થઈ જતાં પ્લાનિંગ કરી કળા કર્યાનું રટણઃ જાણી જોઈને છ મહિના સુધી ગાયબ થઈ જતાં પરિવારે ગુમ થયાની ફરિયાદ નોંધાવી'તી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં વ્હોરા વેપારી સાથે ૧૫.૮૧ લાખનું ચીટિંગ વ્હોરા વેપારીએ કરતાં ફરિયાદ નોંધાતાંની સાથે જ એ-ડિવિઝન પોલીસે આરોપીની ધરપકડ કરી એક દિવસના રિમાન્ડ ઉપર લીધો હતો. આ અંગે ની માહિતી મુજબ સોની બજારના માંડવી ચોકની મોટી શેરીમાં જરીવાલા રિફાઈનરી નામથી દુકાન ધરાવતાં હુસેન સુલેમાનભાઈ જરીવાલા (ઉ.વ.૩૭)એ નોંધાવેલી ફરિયાદમાં જરાવ્યું કે તેઓ રણછોડનગર શેરી નં.૧૬/૪ના ખૂણે અમર એપાર્ટમેન્ટમાં રહે છે અને ત્યાં તેમની બાજુમાં જ યુસુફ જાકીરભાઈ કપાસી રહે છે. યુસુફને હુસેન અને તેના પરિવારજનો વર્ષોથી ઓળખતાં હોય જ્યારે પણ તે મળે ત્યારે પોતે મોટો વેપારી હોવાનું કહેતો હતો.દરમિયાન ૧૫ ઑક્ટોબર-૨૦૨૪ના સાંજે ૬:૩૦ વાગ્યા આસપાસ હુસેન જરીવાલા તેમની દુકાને હતા ત્યારે યુસુફ કપાસી આવ્યો હતો અને તેને રોકાણ માટે સોનાના બે બિસ્કિટજોઈએ છે અને



તેના પૈસા એક કલાકમાં ખાતામાં ટ્રાન્સફર કરી આપશે તેવી વાત કહી હતી. યુસુફ કપાસી મોટો વેપારી હોય તેવી વારંવાર વાતો કરી હોય તેના ઉપર ભરોસો રાખીને ૨૦૦ ગ્રામ વજનના ૧૫,૮૧,૯૯૮ની કિંમતના બે બિસ્કિટ તેને આપી દીધા હતા.એક કલાક સુધી પૈસા ન આપતાં હુસેનભાઈએ યુસુફને ફોન કર્યો હતો પરંતુ કુ તેણે પૈસા આપ્યા ન્હોતો. આ પછી તેનો ફોન બંધ થઈ જતાં તેની રજપૂતરામાં આવેલી મોહમ સન્સ નામની એલ્યુમિનિયમ સેક્શન તેમજ પ્લાયવૂડની દુકાને જતાં ત્યાં પણ તે મળ્યો ન્હોતો. એકંદરે છ મહિના સુધી કશું જ ન મળતાં આખરે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બીજી બાજુ યુસુફ કપાસી ગાયબ થઈ ગયાની તેના પરિવારજનોએ પોલીસમાં અરજી આપી હોવાથી પોલીસ તેને શોધી રહી હતી ત્યાં જ છેતરપિંડીની ફરિયાદ દાખલ થતાં રાજકોટમાંથી જ તેને શોધી કાઢી ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ બાદ યુસુફે એવું રટણ કર્યું હતું કે તેના ઉપર દેણું થઈ ગયું હોવાથી તેનું ચૂકવણું કરવા માટે આ પ્રકારે છેતરપિંડી આચરી હતી. હાલ પોલીસે યુસુફ કપાસીને એક દિવસના રિમાન્ડ ઉપર લીધો હોવાનું જાણવા મળી રહ્યું છે.

# ઉનાળામાં મનપાના સ્નાનાગરો હાઉસફુલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના અલગ અલગ ચાર સ્વીમીંગ પુલમાં એક મહિનામાં ૭૪૩૯ સભ્યોની નોંધણી થઈ છે. તો સંપૂર્ણ રીનોવેશન બાદ હવે તા.૧-૫, ગુરૂવારથી રેસકોર્સનો લોકપ્રિય સ્વીમીંગ પુલ શરૂ કરવાની જાહેરાત મહાપાલિકાએ કરી છે. જેની નોંધણી તા. ૨૮થી શરૂ થશે. રાજકોટમાં આકરા તાપ અને ગરમીમાં સ્પોર્ટસ સુવિધામાં સ્વીમીંગ પુલો બાળકો સહિતના વર્ગ માટે ફેવરીટ બન્યા છે.

કોર્પો.ની વિવિધ રમત ગમતની સુવિધાઓમાં શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ સ્નાનાગાર કોઠારીયા રોડ, શ્રી મહર્ષિ દયાનંદ સરસ્વતી સ્નાનાગાર કાલાવડ રોડ, શ્રી સ્વામી વિવેકાનંદ સ્નાનાગાર પેડક રોડ તથા શ્રી જીજાબાઈ મહિલા સ્નાનાગાર સાધુવાસવાણી રોડ માટે શિખાઉ તથા જાણકાર સભ્યો માટે પ્રવેશ પ્રક્રિયા તા.૨૭-૩થી શરૂ કરવામાં આવી હતી. દરમ્યાન મહાનગરપાલિકા હસ્તકની રેસકોર્ષ સ્નાનાગાર શાખા ખાતેના શ્રી લોકમાન્ય તિલક સ્નાનાગાર, રેસકોર્ષ જે હાલ જુલાઈ-૨૦૨૪ થી એપ્રિલ-૨૦૨૫ સુધી રિપેરીંગ, રિનોવેશનની કામગીરી માટે જાહેર જનતા માટે બંધ રાખવામાં આવેલ હતો. જે હાલ તા.૧-૫થી ફરીથી જાહેર જનતા માટે શરૂ કરવામાં આવશે.

# અંબાજી મંદિર ખાતે આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરાયો



શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા એક યાદીમાં જણાવ્યું છે કે, સૂર્યોદય અને સૂર્યાસ્તના સમયમાં ઋતુ પ્રમાણે ફેરફાર થવાથી અંબાજીમાં યાત્રાળુઓની સગવડતા ખાતર નતા.૩૦/૦૪/૨૦૨૫ વૈશાખ સુદ-૩ (ત્રીજ) થી તા.૨૬/૦૬/૨૦૨૫ ને અષાઢ સુદ-૧ (એકમ)થ સુધી માતાજીની આરતી તથા દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. જેમાં આરતી સવારે ૦૭:૦૦ થી ૦૭:૩૦, દર્શન સવારે ૦૭:૩૦ થી ૧૦:૪૫, રાજભોગ આરતી ૧૨:૩૦ થી ૧:૦૦, દર્શન બપોર ૦૧:૦૦ થી ૦૪:૩૦, આરતી સાંજે ૦૭:૦૦ થી ૦૭:૩૦, દર્શન સાંજે ૦૭:૩૦ થી ૦૯:૦૦ વાગ્યા સુધીનો સમય રહેશે. તા.૩૦/૦૪/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ સુધી માતાજીનો અન્નકુટ થઈ શકશે નહિ. મંદિર ટ્રસ્ટ દ્વારા જાહેર જનતાને નોંધ લેવા વિનંતી કરાઈ છે

# કાલે અક્ષય તૃતીયા નિમિત્તે દ્વારકાધીશ મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર



પવિત્ર અક્ષય તૃતીયા (અખાત્રીજ) નિમિત્તે બુધવાર તા. ૩૦ એપ્રિલના રોજ દ્વારકાના જગત મંદિરમાં દર્શનનો સમય ફેરફાર કરવામાં આવ્યો છે. આ અંગે દ્વારકાધીશ મંદિરના વહીવટદારની યાદીમાં જણાવાયા મુજબ અક્ષય તૃતીયા નિમિત્તે બુધવારે મંગળા આરતીના દર્શન સવારે ૬:૩૦ થી ૮ વાગ્યા સુધી, ૮ થી ૯ શ્રીજી સ્નાન (દર્શન બંધ), સવારે ૯ થી ૧૦ શૃંગાર દર્શન, ૧૦ થી ૧૨ દર્શન બંધ, ૧૨ વાગ્યે ઉત્સવ આરતી, ૧૨ થી ૦૧:૩૦ ઉત્સવ દર્શન અને ૦૧:૩૦ સાંજે ૫ વાગ્યા સુધી અનોસર (દર્શન બંધ) રહેશે. જ્યારે સાંજનો ક્રમ રાબેતા મુજબ રહેશે

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

